| | | |
|---|---|---|
| वर्ष : ११ | सने : २०१९ | सं.२०७५ |
| अंक : १२, | સળંગ અંક-૮૫ | चैत्र एप्रिल |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૧૨ एप्रिल चैत्र/સળંગ અંક-૮૫



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે

★ પરોપકાર - ૧

★ તીર્થયાત્રા સફળ ક્યારે ?

★ પુનર્જન્મ

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**अज्ञानाद् रमते बालः**

**स्वपुरीषेऽपि मुग्धधीः ।**

**जुगुप्सनीये मोहन्ध -**

**स्तथा विषयकर्दमे ।।**

મુગ્ધ બુદ્ધિવાળો બાળક અજ્ઞાનતાના કારણે પોતાનાં જ મળ-મૂત્રમાં ક્રીડા કરે છે. (તે ખાય-પીવે છે.) તે જ રીતે મોહાંધ જીવ દુર્ગંછા કરવા યોગ્ય વિષયોના કાદવમાં રમે છે !

વિષયો અને વિષમાં મોટું અંતર જોવા મળે છે. વિષ-ઝેર તો ખાધા પછી જ મૃત્યુ આપે છે. જ્યારે પાંચ ઈન્દ્રિયના વિષયો તો સ્મરણ માત્રથી મોતને ઘાટ ઉતારે છે.



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે ★★★

**'બર્નાડ શૉએ ભગવાન શ્રીમહાવીરપ્રભુના કલ્યાણક સમયે; સેક્સ પિયરનું મહાવાક્ય ઉચ્ચારી કહ્યું હતું - મને એવો માણસ આપો કે - જેણે ઈન્દ્રિયોને જીતી હોય, જે વાસનાનો - વિષયોનો ગુલામ ન હોય... તેને હું મારા હૈયાના ઊંડા ખૂણામાં પધરાવીશ.' - પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

'બર્નાડ શૉ' એ જાણીતા ફીલોસોફરનું નામ છે. એ મહાન ચિંતક હતો ; એમ કહેવાય છે. તેનાં ચિંતનોમાં ભગવાન શ્રી મહાવીરપ્રભુથી લઈ જૈનધર્મને પણ સ્થાન હતું. કારણ, તે સારી વસ્તુને સ્વીકારવાના સ્વભાવવાળો હતો. સારી વાતોને વાગોળનારો હતો. દુનિયાની જેમ માત્ર પાંચ ઈન્દ્રિયના વિષયોનો કે ધન - માલ - મિલકતનો જ ગવેષક ન હતો. એ ઉત્તમ - ઉત્તમ પદાર્થોનો ગવેષક હતો. દુનિયા ક્યાં ક્યાં ભૂલી પડી છે, તેની તેને જાણ હતી. એ ભૂલ પોતે તો કરવા ન હોતો જ માગતો પરંતુ એ જ દુનિયામાં રહેતા કૈંક જીવોને માટે સાચો રાહબર બનવા માગતો હતો. સાચા અને સારાના અન્વેષક બનવું એ મળેલી બુદ્ધિની સફળતા છે.

બર્નાડ શૉ ને ભગવાન શ્રીમહાવીર દેવ ખૂબ ગમતા'તા; એવું એનાં વચનો પરથી ચોક્કસ અનુમાન થાય જ. ભગવાનનાં તેણે વારંવાર ને ભારોભાર વખાણ કર્યાં છે ! સત્યના ગવેષકને વ્યક્તિનું મહત્ત્વ નથી હોતું, તે તો વસ્તુના મૂલ્યાંકનમાં માનનારો હતો. હા, સંસ્કૃતનું મીઠું સુવાક્ય એ જ જણાવે છે ને ? 'બાલાદપિ હિતં ગ્રાહ્યમ્' - મતલબ, બાળક પાસેથી હિતકારી વાત સ્વીકારવી. ત્યાં તેની ઉંમર નથી વિચારવાની - જોવાની. એની વાત કેવી છે, એ વિચાર કરવાનો છે. આવો વિચારક જ કંઈક પામી શકે છે.

બર્નાડ શૉ ભલે પશ્ચિમના હતા. એમના વિચારોમાં પશ્ચિમનું ભૂત સવાર થયેલું નહોતું. વર્તમાનમાં તો પૂર્વદેશમાં રહેતા માનવોના મગજપર પશ્ચિમના વિચારોનું ભૂત જ નહિ, કદાચ એમ કહેવું પડે કે પશ્ચિમના વાવાઝોડાં ફૂંકાયાં છે ! એનાં આંધળાં અનુકરણોમાં માનવજાત અટવાયેલી છે. વિકસિત કે વિકાસશીલ બનવા કરતાં વિચારશીલ બનવાની હાલ વધારે જરૂર છે. વિકાસના નામે જ ઘણીવાર વિનાશ થતો જોવા મળે છે. કારણ, આખરે ભૌતિક વિકાસને જ માનવો વિકાસ ગણે છે. આ વિકાસમાં મોટે ભાગે પાંચ ઈન્દ્રિયોના - વિષયોનો વિચાર હોય છે. આમાં આત્માનો તો સ્વપ્નમાંય વિચાર નથી હોતો. ઈન્દ્રિયના વિષયો તો અનેક જન્મો સુધી વિનાશ વેરવાનું કામ કરે છે.

અંગ્રેજોની કે ગોરાઓની ગુલામી કરતાં અનેક ગણી ભયંકર ગુલામી ઇન્દ્રિયોની કે ઇન્દ્રિયોના તે તે વિષયોની છે. કારણ, ગોરાઓની ગુલામી એક જ ભવ બગાડશે. ઇન્દ્રિયોની ગુલામી તો જરૂર પડે અસંખ્ય - અનંત જન્મો સુધી ઘોર પીડાદાયક બને છે.

હાલ તો દુનિયામાં નજર કરો તો લગભગ તમામ માનવોનો ટારગેટ શું ? એની નજર સામે કોણ ? ભૌતિકતાની ટોચ પર બેઠેલો આત્મા કે અધ્યાત્મની ટોચ પર બિરાજમાન આત્મા ? ભૌતિકતાનું શિખર એ નિશ્ચયથી પતનનું શિખર-સ્થાન છે. સાચી ઉન્નતિ તો અધ્યાત્મની છે. સાચો વિકાસ પણ એ જ છે. વિચારશીલ વ્યક્તિ જ આ વાત સમજી શકે. એના ગળે જ આ વાત ઊતરી શકે. એ જ આ વાતને સ્વીકારવા તૈયાર થઈ શકે.

ઇતિહાસનું અવલોકન કરવામાં આવે તો સ્પષ્ટ સમજાશે કે - ભૌતિક વિકાસની ટોચે પહોંચેલા ચક્રવર્તીઓ ક્યાં ગયા ? એમની હાલત કેવી થઈ ? મોટા મોટા રાજા - મહારાજાઓ, પ્રધાનો -મંત્રીઓ, શેઠ - શાહુકારોની દશા શું થઈ ? બુદ્ધિશાળીઓ ગણાતા એ જીવો આજ ક્યાં છે ? ભૌતિક સિદ્ધિઓ એ જીવોને ક્યાં લઈ ગઈ ? કેવી દયામણી સ્થિતિનો ભોગ બન્યા ? એની સામે અધ્યાત્મની દિશામાં આગળ વધેલા જીવો કેવા ભીતરના આનંદને લૂંટી સદ્‌ગતિ કે મુક્તિનાં શિખરો પર આરૂઢ થયા ?

પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની નોંધપોથીમાં લખાયેલી વાતો કેટલી મહત્વની છે ? કેટલી માર્મિક છે ? ટૂંકમાંય કેટલું કહી દીધું છે ? જો આ વાતોને વાગોળવામાં આવે, એના ઉપર ચિંતન - મનન કરવામાં આવે તો ઘણો લાભ થાય; એમાં બેમત નથી.

ઉપર લખાયેલા વાક્યથી એટલું તો ચોક્કસ ફલિત થાય છે : હૈયામાં કોને રાખવા જોઈએ. હૈયા(દિલ)માં હોય તે જ જીવનમાં જલદી આવે છે. હૈયામાં રહેલી ભૌતિક રિદ્ધિ, સિદ્ધિ પ્રાપ્ત કરનારી વ્યક્તિ તમને એના અનર્થો તરફ દોરી જાય છે. ઇન્દ્રિયવિજેતાને - વિષયોના ગુલામ ન બન્યા હોય, વિષયો અને વાસના ઉપર વિજય મેળવનારને જ હૈયામાં રાખવાની વાત જે બર્નાડ શૉ કરી રહ્યા છે તેમાં કાંઈ તથ્ય લાગ્યું કે ? હૈયાના ખૂણામાંય જો આવા કોઈક વિરલ આત્માની છબી રાખી હશે તો વિષયોની પરાધીનતામાંથી કે ગુલામીમાંથી ક્યારેક મુક્તિ મેળવવા જીવ તૈયાર થશે.

ગુલામોને હૈયામાં પધરાવનાર હંમેશા ગુલામી તરફ જ આગળ વધે છે જ્યારે આઝાદી વરનારને, ગુલામીની નાગચૂડમાંથી મુક્ત થયેલાને દિલમાં પ્રતિષ્ઠિત કરનાર જીવ પણ ગુલામીમાંથી મુક્ત થઈ આઝાદી તરફ આગળ વધતાં પૂર્ણ આઝાદી



પ્રાપ્ત કરનાર બને છે. આવી આઝાદી વરવા માટે; અંતિમ ભવમાં રહેલા પરમાત્મા કે જેઓ વિષયોથી મનદ્વારા અલિપ્ત હોય છે. વિષયો ભોગવવા છતાં તેનાં બંધનોમાં ફસાતા નથી. એ ઉપરાંત આનંદઘનજી મ., ચિદાનંદજી મ., નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીહેમચન્દ્રાચાર્યજી મ.,પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ... જેવાને દિલમાં પધરાવવાનું કાર્ય કરવા જેવું છે. એની સારી અસર ટૂંકા-લાંબા ગાળે જરૂર આપણને થશે.

ધાન્યના ધનેરાં, ગટરના કીડા, વિષ્ટાના કીડા, પેટમાં રહેલા કૃમિ વગેરેને જોતાં એ જ વિચારવા જેવું છે કે - આ વિષયોની ગુલામીનું ફળ છે અર્થાત્ ભૂતકાળમાં પાંચ ઇન્દ્રિયોની કે પાંચમાંથી કોઈ પણ વિષયોની ગુલામી દ્વારા ઊભાં કરેલાં પાપકર્મોની પીડા એ જીવો ભોગવી રહ્યા છે. હજી કેટલા ભવસુધી ભોગવશે તે તો કોઈ વિશિષ્ટ અતીન્દ્રિય જ્ઞાની જ કહી શકે...! કાશ ! મારે તો આમાંથી બચવું જ છે; એ માટે સતત સાવધાનીની જરૂર છે. રાગનો અંગારો જીવને બાળે છે તો દ્વેષનો ધુમાડો જીવને કાળો મેશ બનાવે છે બેમાંથી એકપણ ચીજ સારી તો નથી જ. દાઝે તોય ન ચાલે. ડાઘ પડે તોય ન ચાલે. 'કોલસાની વખારમાં રહેવાનું છતાં એક પણ કાળો ડાઘ ન લાગવા દેવો' એવી દુષ્કર સાધના અહીં જરૂરી છે.

**- વિજય ભવ્યદર્શન સૂરિ** ધ

## ★ પરોપકાર - ૨ ★★★

**- શ્રીધર્મમિત્ર**

માનવમાં દેવોનેય ઝુકાવવાની તાકાત છે. પરંતુ શક્તિશાળી માનવ જડની સામે ઝૂકી જાય છે. મોહ રાજાના દાસ બનતાં તેને વાર લાગતી નથી. જીવને નમાવનારો માનવ જડને ન નમાવી શકે... અરે ! જડ એવી સામગ્રી, જડ એવાં કર્મો... જડ એવા દોષો માનવને ગુલામ બનાવી દે છે. જડ એવી કાયા ભલે અસાર છે પરંતુ એમાંથી સાર ખેંચવાની કળા હસ્તગત કરવાની છે. આવી કાયા માટીની બનેલી છે. આનંદઘનજી મ. જણાવે છે કે - મિટીયાઁ ચુન ચુન મહલ બનાયા... બંદા કહે ઘર મેરા.. મિટીયાઁ ઓઢાવણ, મિટીયાઁ બિછાવણ, મિટ્ટીકા સિરાના... ઈસ મિટ્ટી કા એક ભૂત બનાયા, અમર જાન લોભાના... આવી માટીની કાયામાંથી સાર કયો કાઢી શકાય ? જ્ઞાની ભગવંતો જવાબ આપતાં જણાવે છે : બીજા ઉપર ઉપકાર કરવો તે કાયાનો સાર છે. તપ કરવો એ પણ કાયાનો સાર છે. તીર્થયાત્રાદિ શુભ કાર્યો કરવાં તેય કાયાનો જ સાર છે.

સાત ધાતુના સંગ્રહરૂપ અશુચિથી ભરેલી કાયાને અસાર જ કહેવાયને ? કાયા પુદ્‌ગલોના સંગ્રહથી બને છે. પુદ્‌ગલનો સ્વભાવ પરિવર્તનશીલ છે.

તંદુલવેયાલિય પયન્નામાં જણાવેલી કાયાની દશ દશાઓની વાત અહીં વિચારવાલાયક છે. એ દશ દશાઓને સારી રીતે વિચારવામાં આવે તો વૈરાગ્યભાવ ઉજાગર થયા વગર ન રહે. એવો વૈરાગ્યભાવ કદાચ ન પણ પેદા થાય તોય રાગનું જોર તો અવશ્ય ઘટે. રાગની માત્રા ઘટે એટલે કાયા માટેની આળપંપાળ અને એ માટે થતાં અઢળક પાપોમાં ઓટ આવે. કાયાનો રાગ ઘટવાથી કાયાની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ અને વસ્તુઓ ઉપરનો મમત્વ ભાવ ઓછો થાય છે.

દુનિયાની દૃષ્ટિએ વિચારીએ તો 'આ કાયા- પાંચ ભૂતમાંથી બને છે અને પાંચ ભૂતમાં વિલીન થઈ જાય છે' આ વિધાન સંપૂર્ણ જીવપણે આપણને માન્ય ન હોવા છતાં કાયાનો મોહ ઉતારવા માટે ઉપયોગી થઈ શકે એમ છે. ગણધરવાદમાં શ્રીઈન્દ્રભૂતિ બ્રાહ્મણનો સંશય આવો જ હતો. (....એતેભ્યઃ ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુવિનિષ્યતિ ન પ્રેત્યસંજ્ઞાઽસ્તિ) જીવની ઉત્પતિ પાંચભૂતમાંથી થતી નથી. જીવ તો શાશ્વત છે. એના માત્ર પર્યાયો (ભવો વગેરે) બદલાય છે. આત્મા તો પરલોકમાં જાય જ છે.

આવી કાયાને પરોપકારમાં વાપરવાથી; અસારમાંથી સાર ઉદ્ધર્યો ગણાય. બીજાના ઉપકાર માટે વપરાય તે જ કાયાનો સાર છે. બીજી રીતે વિચારીએ તો જેનાથી આત્માનું હિત થાય એવાં કાર્યો કાયાદ્વારા થાય તો એ ભાડાપટ્ટે મળેલી, અશુચિથી ભરાયેલી - ખરડાયેલી, અશુચિના ગાડવા જેવી કાયાનો સાર ગ્રહણ કર્યો કહેવાય. માનવને મળેલો ઔદારિકદેહ માત્ર બારદાનરૂપ ચામડીના કારણે મોહક લાગે છે. પરંતુ અંદરથી જુઓ તો દુર્ગંચ્છા પેદા થાય એવો છે. ક્યાંક એવો અકસ્માત્ થયો હોય, શરીરમાંથી આંતરડાં વગેરે બહાર નીકળી ગયાં હોય... વિકૃતિ આવી ગઈ હોય... અથવા વધારે સમયપૂર્વેનું શબ હોય તો કોહવાયેલા - સડેલા એ દેહની પાસે બેસવુંય ગમે ? દુર્ગંધથી નાક દબાવી દેવાનું મન થાય. એવી આ કાયા અસાર જ ગણાયને ?

દેવોની વૈક્રિય કાયા કેવી સુગંધમય, રોગ - અશુચિથી રહિત હોય છે ! છતાંય એ દેવોને તપ - ક્રિયાદિ શક્ય નથી. એ માટે તો ઔદારિક દેહ જ જોઇએ. દેવોની કાયાને દુર્લભ નથી ગણાવી. માનવની કાયાને દુર્લભ ગણાવી છે. દેવોની કાયા ભોગ માટે જેટલી સક્ષમ છે તેટલી 'યોગ' માટે સક્ષમ નથી. (યોગ એટલે એવી ક્રિયા કે જે આત્માને મોક્ષ સાથે જોડાણ કરી આપે.) માનવના ભોગ અને દેવોના ભોગ વચ્ચે ઘણો તફાવત છે. માનવની જેમ દેવ - દેવી વચ્ચે પતિ-પત્ની જેવા સંબંધો ભલે હોય, પરંતુ માતા-પિતા, માસા-મામા-ફોઈ વગેરે જેવા સંબંધો ત્યાં નથી. ખાવા-પીવાની અહીંના જેવી વૈવિધ્યપૂર્ણ સામગ્રી ત્યાં નથી છતાંય ભૂખનો-તરસનો અહેસાસ (પીડા) તો ત્યાંય છે. આહારની ઇચ્છા જાગૃત થતાં



ઓડકાર આવી જાય ને તૃપ્તિ થઈ જાય છે. દુર્ગંધની પીડા સામાન્યથી ત્યાં નથી. ત્યાંનું વાતાવરણ હંમેશા મઘમઘાયમાન હોય છે. હંમેશા વિવિધ પ્રકારના ધૂપ, ગંધપુટિકાઓ, સુગંધીચૂર્ણો વગેરે ત્યાં હોય છે, એમ કલ્પસૂત્ર વગેરેમાં જણાવેલ છે.

આટલું બધું હોવા છતાં એ કાયાથી મોક્ષના અનન્ય સાધનરૂપ સંયમ તો ન જ આરાધી શકાય. તેથી જ યોગ માટે એ કાયા ઉપયોગી નથી. ભોગમાં આસક્ત એ કાયા તો મોટા ભાગે એકેન્દ્રિયમાં ખેંચી જાય છે. સાર એ જ આવ્યો કે કાયાનો પૂરો સાર માનવ જ ખેંચી શકે. બાકીની ત્રણ ગતિવાળાની તે તાકાત નથી !

આયુષ્ય - જીવનનો સાર શું ? તેનો જવાબ આપતાં જણાવે છે કે - ધર્મ અને કીર્તિઃ બે વસ્તુ જીવનના સાર રૂપ છે. મતલબ, જીવનમાંથી સાર ખેંચવા માટે ધર્મ એ પ્રથમ સાધન છે. ધર્મ કરનારો કીર્તિ મેળવવાનો જ છે. એટલે કીર્તિ માટે વિશેષ પ્રયત્ન કરવાની જરૂર નથી. અલબત્ત, ધર્મ ન કરનારા, ધર્મની શ્રદ્ધા ન રાખનારા જીવોય કીર્તિની કામનાવાળા હોય છે. કીર્તિ માટે ધન ખરચનારા, પરોપકાર કરનારા, દાન કરનારા, તપ કરનારા, વિશિષ્ટ કૌવત અને કરતબ દાખવનારા, કલા-કૌશલ્યના દાવ ખેલનારાય જોવા મળે છે. અલબત્ત, આવી કીર્તિ ઝાઝો સમય ટકતી નથી. તે તે વિષયમાં; તેને પાછળ પાડી આગળ નીકળનારા નવા નવા જીવો પાકતા જ જાય છે. તેઓ જૂની કીર્તિને ખતમ કરી નવા નવા કીર્તિ સ્તંભોની રચના કરતા હોય છે. ધર્મરહિત કીર્તિની કામના ક્યારેક માનવને ઘેલછારૂપ સાબિત થાય છે. એનાથી તેને નુકશાન પણ થાય છે. ઊંચે ચઢવાની જગ્યાએ નીચે પટકાય છે !

જૈનશાસનમાં ઠેર ઠેર દેહદમનની વાત જણાવી છે. એમાં પણ આ દેહનો સાર લેવાની જ વાત છે. દેહદુઃખં મહાફલમ્ : આ દશવૈકાલિક સૂત્રની પંક્તિ પણ એ જ વાતની પુષ્ટિ માટે છે. ઉત્તરાધ્યયનના 'અપ્પા ચેવ દમેયવ્વો... શ્લોકમાં આ જ વાત છે. જેની રાખ થવાની છે, માટીમાં મળી જવાની છે તેને પંપાળવાની ન હોય, ગધેડા જેવી કાયા હોવાથી ડફણાં મારીને જ કામ લેવાનું હોય. તો જ એનો સાર ગ્રહણ કરી શકાય.'

પાપ કરવાના પ્રસંગે સીધી ચાલનારી કાયા, ધર્મ કરવાના સમયે જ વાંકી થઈને બેસી જાય છે, ગળિયા બળદ જેવી થઈ જાય છે, ભેંસ પાણીમાં બેસે તેમ બેસી જાય છે. શેરડીનો, કેરીનો, જૂનાંકપડાં વગેરેનો છેલ્લે સુધી કસ કાઢે તેમ કાયાનો કસ કાઢવાનો છે.

કાયાની અસારતા, કાયાનો સ્વભાવ (આત્માની ખુવારી કરવાનો) વગેરે જાણવા માટે 'કાયા તારી કામણગારી....' સજ્ઝાય વાગોળવા જેવી છે. આવી સજ્ઝાય, કાયાના સ્વરૂપને ઓળખાવનારા અનેક શાસ્ત્રો - આગમોમાં આવતા

અઢળક શ્લોકો વેગેરનાં માધ્યમથી વિચાર કરવામાં આવે તો કાયાનો એક્સ - રે કે એમ.આર.આઈ. દ્વારા જોવા જેવી ઓળખ થઈ જાય. પછી એ કાયાને પંપાળવાની ઈચ્છા ન થાય. એના દ્વારા સાધના કરી લેવાની જ તમન્ના થાય. કેમેરા જેવા લેન્સથી ઘણી વાર કાયાને જોઈ છે. એ લેન્સથી માત્ર બહારના આકાર-પ્રકાર, રૂપ-રંગ દેખાશે. ભીતરનો પરિચય નહીં થાય. એક્સ-રે કે એમ.આર.આઈ. થી તો ભીતરનાં દર્શન થાય છે. આંતરીક દર્શન વગર વૈરાગ્ય ક્યાંથી જાગે ? રાગ ક્યાંથી ઊતરે ? સૌથી વધારે પાપો કાયાના રાગના કારણે જ થાય છે, કાયાને સાચવવા માટે થાય છે. કાયાને સાચવવા માટે મન પણ દોડાદોડ કરે છે. ઈન્દ્રિયોય કૂદાકૂદ કરે છે. તેથી કાયા જ તમામ માટે વિશેષ જવાબદાર ગણી શકાય. પાપોમાં ઘટાડો કરવો હોય તો કાયાની માયા જ ઘટાડવી પડે. કાયા પરનો રાગ ઓછો થાય તો નવાં પાપોની આવક ઓછી થાય. કાયાનો સાર ખેંચવા તરફ પ્રગતિ થાય. જીવનમાં પરોપકાર, તીર્થયાત્રા, તપ-જપાદિમાં વધારો થાય.

એકેન્દ્રિય જીવો જેટલો પરોપકાર પંચેન્દ્રિય જીવો નહિ કરતા હોય. એકેન્દ્રિય ગણાતા અપ્‌કાય એટલે પાણીના જીવો માટે વિચારીએ તો ખ્યાલ આવશે કે નદીઓ પોતે પાણી નથી પીતી. તે પરોપકાર માટે જ વહે છે. બીજાને જ પાણી પ્રદાન કરી તરસ છિપાવવાનું, સ્નાન કરાવવાનું, ઠંડક આપવાનું કાર્ય કરે છે. સાથે એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવોને જીવન આપે છે. દુનિયામાં જળને જીવન કહેવાય છે. જળ વિના જીવન નથી. જળ વગર આટલી હરિયાળી ક્યાંથી હોય ? જળની જરૂર માત્ર માનવોને કે તિર્યંચોને જ નહિ, દેવોનેય તેની જરૂર પડે છે. દેવોય જળક્રીડા કરે છે. કેટલાંક માછલાં વગેરે જીવો તો જળ વિના ક્ષણવારેય જીવી શકતાં નથી ! જળમાં આનંદ માણવાવાળા કેટલાક દેવો તે પાણીમાં આનંદ - આસક્તિ હોવાથી તે પોતે જ પાણીમાં અથવા પાણી તરીકે જન્મે છે!

કેટલાક સત્પુરુષો પોતાનો સ્વાર્થ (પોતાનું કાર્ય) છોડીને પરના કાર્ય કરે છે ! કેટલાક સામાન્ય માણસો સ્વાર્થ(પોતાના કાર્ય)ને બાધા ન પહોંચે તે રીતે પરાર્થનાં કાર્યો કરે છે. જે માનવ-રાક્ષસો છે તે પોતાના અંગત હિતમાટે પરહિતને હણે છે. પરંતુ પોતાના સ્વાર્થ વગર પણ બીજાના હિતનો ઘાત કરે છે તેને તો કઈ ઉપમા આપવી; તે જ સમજાતું નથી.

વૃક્ષો પરોપકાર માટે જ ફળ આપે છે. પોતાનાં ફળો પોતે ક્યારેય નથી ખાતાં - વાપરતાં ! વાદળાં વરસે છે તે પણ બીજાને અનાજ ખવડાવવા માટે... એ અનાજ કે જે વરસાદથી પાકે છે, તે અનાજ વરસાદ ક્યારેય ખાય છે ? ના... ના...



જગતમાં માત્ર બે જ પ્રકારના જીવો એવા છે કે જેનાં હાથમાં પૃથ્વી હોવી જોઈએ. ૧. અન્ય ઉપર ઉપકાર કરવાનું જેનું લક્ષ્ય હોય અને ૨. જે ઉપકારીને ક્યારેય ભૂલે નહિ. આવા જીવોથી જ પૃથ્વી ટકે છે.

એક ઠેકાણે સંસ્કૃત સુભાષિતમાં જણાવ્યું છે કે - અધિકાર પ્રાપ્ત થવા છતાં ઉપકાર કરતો નથી, તેના અધિકાર શબ્દમાંથી આગળ 'અ' નીકળી જાય છે ને 'ક' બેવડાય છે. અર્થાત્ તે 'ધિક્કાર' ને પાત્ર થાય છે. પરોપકાર ન કરનાર માટે આવા શબ્દ વાપરીને તે તે અધિકાર પ્રાપ્ત જીવોને અહીં માર્ગદર્શન આપેલ છે.

(ક્રમશઃ) ધ

## ★ તીર્થયાત્રા સફળ ક્યારે ? ★★★

**- શ્રીધર્મમિત્ર**

શ્રીજૈનશાસનમાં જેટલાં શાસ્ત્રો છે, જેટલાં આગમો - ગ્રંથો છે તેટલાં કોઈ જ ધર્મમાં - દર્શનમાં નથી. અગાધ જ્ઞાનનિધિમાં તમામ વિષયોનું તત્ત્વજ્ઞાન રહેલું છે. અલબત્ત, ઘણું વિચ્છેદ પામવા છતાં હજી બચેલું સાહિત્ય પણ અગાધ છે. એનું અવગાહન કરવા જઈએ તોય જિંદગી નાની પડે તેમ છે. નાની જિંદગીને સફળ કરવાના ઘણા માર્ગો જૈનશાસ્ત્રો બતાવે છે. માત્ર મોક્ષના માર્ગે આગળ વધારે તેને જ સન્માર્ગ કહેવાય, સંસારથી પાર ઉતારે, સંસારને પરિમિત બનાવે, કર્મના જેના દ્વારા ભુક્કા બોલાય, નવાં કર્મોને આવતાં જેનાથી રોકાય... તે જ સાચો ધર્મ કહેવાય. ધર્મના નામે દુનિયામાં ચાલતી ઘણી દુકાનો બોગસ છે. સાચા-ખોટાનો વિવેક ખૂબ જ જરૂરી છે. સોનું ખરીદવામાં થાપ ખાઈ જવાય, હીરા પારખવામાં થાપ ખઈ જવાય... તો કેવું નુકશાન થાય તેની જાણકારી છે. પરંતુ ધર્મ સમજવામાં, ધર્મને પારખવામાં ભૂલ થઈ જાય તો કેવું ભયંકર પરિણામ આવે તેની જાણકારી ખૂબ ઓછા જીવોને હોય છે.

સોનું - હીરા પારખવામાં થયેલી ભૂલથી કદાચ જે નુકશાન થશે તે વધુમાં વધુ એક જ ભવમાં ભોગવવાનું આવશે. ધર્મમાં એવી ભૂલ થઈ ગઈ હોય તો કેટલાય ભવ સુધી એની સજા ભોગવવી પડશે. આ વાત વિચારવા જેવી નથી ?

એ જ રીતે સદ્ધર્મનું પણ પૂર્ણ ફળ મેળવવા માટેની શાસ્ત્રીય વાતોય જાણવા સમજવા સાથે જીવનમાં અપનાવવા જેવી હોય છે. તીર્થયાત્રા એ ભવયાત્રાનો અંત લાવનારી ક્રિયા-અનુષ્ઠાન છે. પરંતુ એમાં ક્યાં - કેટલી સાવધાની રાખવી ? સાથે કઈ કઈ ક્રિયા કરવી ? ક્યા ભાવથી યાત્રા કરવી ? વગેરેનો ખ્યાલ કરવાનો છે.

તીર્થની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર ભગવંતો લખે છેઃ જે તારે, સંસારસાગરથી પાર ઉતારે તે તીર્થ. તરવાના ભાવથી યાત્રા કરવી જોઈએ. કોઈપણ કાર્યમાં લક્ષ્ય તો નક્કી જ હોવું જોઈએ. તીર્થયાત્રા તારનારી ન બને તો એનો મતલબ શો ? તીર્થયાત્રા સમયે ભક્તિની જ મુખ્યતા હોવી જોઈએ, ભોજનની નહીં. મુખ્યતયા શાસ્ત્રીય વિધાન છે કે - તીર્થયાત્રા કરવા તીર્થમાં જાઓ ત્યારે શક્ય હોય તો ઉપવાસ જ કરવો. ભક્તિમાં ભંગ પાડનાર ભોજન છે. ભોજનની ચિંતાથી ભજનમાં વિક્ષેપ ઊભો થાય છે. તે તે તીર્થમાં ગયા પછી તીર્થાધિપતિની જ ભક્તિમાં ખોવાઈ જવાનું છે. બાકીનાં કાર્યો ગૌણ કરી દેવાનાં. જાતને પણ ભૂલી જવાની છે. વ્યવહારને વિસરી જવાનો છે.

તીર્થાધિપતિની ભક્તિસાથે સાધુભગવંતોની પણ ભક્તિ કરવાની વાત શાસ્ત્રકાર ભગવંતો નોંધે છે. તેઓ જણાવે છે કે આ શત્રુંજયતીર્થમાં (યાત્રાની સાથે) જે આત્માઓએ સાધુ ભગવંતોની પૂજા નથી કરી; તેમનાં જન્મ-જીવિત અને ધન : ત્રણે નિરર્થક - નિષ્ફળ છે. જે આત્માઓ તીર્થોમાં તથા કલ્યાણકાદિના મહોત્સવોમાં સાધુ - સાધ્વીજી ભગવંતોની પણ પૂજા કરે છે, તે ત્રણલોકનાં ઐશ્વર્યના ભાજન થાય છે. શ્રમણ - શ્રમણી ગણની પૂજા કરવી જોઈએ. બુદ્ધિશાળી જીવોએ યતિજનનું બહુમાન વગેરે કરવું જોઈએ. શ્રમણ-શ્રમણીગણની ભક્તિ કરનારની યાત્રા જ સફળ થાય છે. અન્યથા એ યાત્રા નિષ્ફળ છે.

વીતરાગપણાનું કારણ પૂર્વભવમાં સાંભળેલી ગુરુવાણી છે, તેથી દેવતત્ત્વ કરતાં (અપેક્ષાએ) ગુરુતત્ત્વ મહાન છે. જે આત્માઓ; અન્નથી, પાણીથી ગુરુભગવંતોની ભક્તિ કરે છે. ગુરુજનોને મકાન આપી વસતિનો લાભ લે છે, આસન આપે છે. આ રીતે ગુરુભગવંતની પૂજા-ભક્તિ કરનારા આત્માઓ પોતાની સંપત્તિથી દેવોને પણ જીતી લે છે ! મતલબ, દેવતાઓ પાસે સંપત્તિ ગમે તેટલી હોય... સામગ્રી ગમે તેટલી હોય... નવી બનાવી શકતા હોય.... પણ મુનિજનોને દાન નથી આપી શકતા. મુનિઓને પણ દેવપિંડ ન ખપતો હોવાથી તેવી સંપત્તિ કે સામગ્રીની કોઈ કિંમત નથી. દાનમાં અપાતી સંપતિ કે સામગ્રી જ જીત મેળવવામાં ઉપયોગી છે. માટે અહીં જણાવ્યું કે માનવો પોતાની સંપત્તિનું દાન કરી દેવો ઉપર જીત મેળ છે.

આગળ વધતાં શાસ્ત્રકાર લખે છેઃ સંપત્તિ - સામગ્રીથી સંપન્ન એવો શુદ્ધાત્મા ગુરુભગવંતની અન્ન, વસ્ત્રાદિથી પૂજા-ભક્તિ કરે છે તે તાત્ત્વિક રીતે ત્રીજા ભવે મુક્તિ પ્રાપ્ત કરે છે ! તાત્ત્વિકરીતે તે જ બુદ્ધિશાળી છે, તેની જ સંપત્તિ પ્રશંસનીય



છે કે - જેની સંપત્તિ ત્રણ જગતને પૂજ્ય એવા ચારિત્ર સંપન્ન મુનિવરોની ભક્તિથી પૂજા કરે છે !

તીર્થયાત્રાની સાથે સાથે, પરમાત્માની ભક્તિની સાથે સાથે; મુનિભગવંતોની - ગુરુભગવંતોની ભક્તિ પણ કરવી જ જોઈએ; એમ શાસ્ત્રકાર ભગવંતો ગાઈ-વગાડીને જણાવે છે, એટલું જ નહીં, ગુરુભક્તિ ન કરનારની યાત્રા નિષ્ફળ છે, એમ પણ જણાવે છે. આખરે તો મુનિવરો (શ્રમણ-શ્રમણી ભગવંતો) તીર્થ જ છે ને ? સિદ્ધાચલ વગેરે સ્થાવર તીર્થો છે, જ્યારે ગુરુભગવંતો જંગમતીર્થ છે. સ્થાવરતીર્થની ઉપેક્ષા કરનાર જેમ દોષને પાત્ર છે, તેમ જગમતીર્થની ઉપેક્ષા કરનારા જીવો પણ દોષપાત્ર છે. કોઈની ઉપેક્ષા ન જ થવી જોઈએ. વળી, સ્થાવરતીર્થ વગર પણ તીર્થ -શાસન ટકી શકે છે પરંતુ નિર્ગંથમુનિ રૂપ જંગમતીર્થવગર શાસન ક્યારેય ન જ ટકી શકે ! માટે જ તો શાસ્ત્રકાર ફરમાવે છે : 'ન તિત્થં નિયંઠેણ વિણા' નિર્ગ્રંથ સાધુ વગર શાસન ન હોય. સાધુ એ હાલતું - ચાલતું - બોલતું જીવંત તીર્થ છે. ઉપમા આપવી હોય તો કદાચ એમ કહી શકાયઃ સ્થાવરતીર્થ એ બાબડું પિક્ચર છે, જ્યારે જંગમતીર્થએ બોલતું પિક્ચર છે.

આવાં સ્થાવર-જંગમ : ઉભય તીર્થોની યથાયોગ્ય યાત્રા, ભક્તિ -પૂજા કરી ભવસાગર તરી સહુ જીવો શાશ્વત અવસ્થા સ્વરૂપ સિદ્ધત્વને પામે; એ જ મંગલ કામના.

(ક્રમશઃ) ધ

## ★ પુનર્જન્મ ★★★

### (૧૩) પુનર્જન્મ અને પૂર્વભનું પ્રત્યક્ષ પ્રમાણ

સર્વજ્ઞ ભગવંતના શાસનની સૌથી મોટી ખૂબી એ છે કે, કોઈપણ કાળમાં એનાં વિધાનો, એના સિદ્ધાંતો અબાધ્ય અને અકાટ્ય જ હોય છે. કર્મપ્રરૂપણા લ્યો કે જ્ઞાનના ભેદો વિચારો, જ્યારે જોઈએ ત્યારે સો ટચનું સોનું. એને કષો, કાપો કે અગ્નિમાં મૂકો પણ શુદ્ધ સુવર્ણ.

જ્ઞાનના મુખ્યતયા પાંચ ભેદો. તેમાં સૌથી પ્રથમ મતિજ્ઞાન અને સૌના આધારભૂત શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનના અનેક ભેદોમાં જાતિસ્મૃતિ - પૂર્વભવના જ્ઞાનનો સમાવેશ થાય, અને તે જાતિ સ્મૃતિના અનેક દાખલા પેપરની દેવડીએ દેખાય છે, તદ્દન સત્ય અને નિર્ભેળ.

તેવો જ એક તાજેતરના સંપૂર્ણ જાત માહિતી અને પર્સનલ વીઝીટથી પ્રાપ્ત કરેલ પ્રસંગને શુદ્ધ સ્વરૂપમાં કર્મસત્તાની ગુંથણી દ્વારા આલેખાય છે.

ભાગ્યશાળી શ્રી એ. કે. શાહ (ડીસ્ટ્રી. જજ ભરૂચ) જેઓ ખૂબ જ માયાળુ અને ધાર્મિક વૃત્તિના સજ્જન છે, તેમની નવ વર્ષની દીકરી મીનાક્ષીને પૂર્વના ત્રણ ભવનું જ્ઞાન ઉત્પન્ન થયું છે અને ખૂબ જ સ્પષ્ટતાથી અને ખ્યાલ ન હોય તેનો નકારથી જવાબ આપે છે. વધારે આનંદની વાત તો એ છે કે આડા-અવળા ગમે તેટલા પ્રશ્નો પૂછો પણ પોતાને જેટલો ક્ષયોપશમ પ્રગટ્યો છે તેટલો જ જવાબ હાજર થશે. જરાએ ઓછો નહિ, જરાએ વિશેષ નહિ. અને નવ વર્ષની સંસ્કારી દીકરીમાં સ્વભાવિક સરળતા પણ સરસ છે.

મીનાક્ષી પૂર્વભવમાં કલકત્તામાં હરગોવિંદ નામના બ્રાહ્મણ પિતાની ઊર્મિલા નામે દીકરી હતી. માતાનું નામ સુમિત્રા. ચાર ભાઈના નામ અનુક્રમે પ્રવીણ, નીકુલ, અશ્વિન, દીપક હતાં અને અનુક્રમે કોલેજ, નવમી, પાંચમી, અને બાળમંદિરમાં અભ્યાસ કરતા હતા. બ્હેનનું નામ નીલમ હતું અને પ્રવીણથી નાની હતી. દાદાનું નામ રામદાસ હતું. ચાર મામા હતા. એરોડ્રામ એરિયામાં ડમડમ પર એમનો બંગલો હતો. અંદર લીલા રંગનો, બહારથી સફેદ રંગનો તેમની મોટરનો નંબર ૨૨૩ હતો. ઊર્મિલા પોતે પાંચમી ભણતી હતી. કોઈ વખત બાપુજી સાથે, કોઈ વખત માતાજી સાથે ફરવા જતી હતી. એક પાડોશી ભાઈ એમને વિમાનમાં આજુબાજુ ફરવા લઈ જતા. એક દિવસ નિશાળે ચિઠ્ઠી આપી બહેનપણી રેણુકા સાથે પાછા ફરતાં મોટરટ્રક - ખટારાનો એક્સીડન્ટ થયો. ઊર્મિલાને હોસ્પીટલમાં લઈ ગયા. ત્યાં પોતે દેહ છોડ્યો. (ત્યાંથી અહીં મીનાક્ષી તરીકે જન્મ થયો.)

આ વૃત્તાંતમાં બધુ સ્વાભાવિક છે. કોઈ જ કૃત્રિમતા લવલેશ નથી. જો કે સંયોગવશાત્ સમયના અભાવે કલકત્તા જઈ બધી શકય તપાસ કરવાનું બન્યું નથી. અને દશકમાં તો કેટલાએ ફેરફાર અને કેટલીએ પ્રાયમરી સ્કૂલો. તપાસ કરવાની ઊર્મી છે. ભલે તે થાય કે ન થાય પણ ઘણા બીજા પણ પહેલાં બનેલાં આવાં દૃષ્ટાંતો સંપૂર્ણ સાબિત થયાં છે. તાજેતરમાં ચાણસ્માનો બનેલો પ્રસંગ તો ખૂબ જ જગજાહેર છે.

ગત ભવો અને આ ભવ વચ્ચે પડેલો કર્મના આવરણનો પડદો ખસી જાય તો તુર્ત માનવને ભાન થાય કે કોની સાથે કેવા સંબંધો જોડાએલા હતા અને શાથી પ્રેમ કે દ્વેષનાં પરિણામો - વિચારો જાગે છે અને તે બધાના પાયામાં મારાં કરેલાં સારાં યા નરસાં કાર્યો જ કારણભૂત છે.

૨. કલકત્તામાં ઊર્મિલા તરીકે જન્મેલ તે પહેલાના ભવમાં પોતે વીરમગામમાં ગુલાબ માતાના ઉદરે જયશ્રી નામે દીકરી તરીકે જન્મેલ. પોતાના પિતાને જોવાનું



સદ્‌ભાગ્ય સાંપડેલ નહિ. કાકાનું નામ માણેકચંદ હતું. ત્રણ ભાઈ હતા. તેમાં એક મરી ગએલ. બે મામા હતા. મોટાભાઈનું નામ યશવંત, ભાભીનું નામ યાદ નથી. ૧૮-અઢાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી. ૫૫-પંચાવન વર્ષ દીક્ષા પાળી, ૭૩ વર્ષની ઉંમરે વીરમગામમાં જ કાળધર્મ પામેલ.

અહીં પાલિતાણા પોતે ગએલ, અગર શું શું જ્ઞાન-અભ્યાસ કરેલ વગેરે પ્રશ્નોના જવાબમાં પોતે ખ્યાલ નથી; એમ જ કહે છે. હવે કર્મ સત્તાની અહીં ખૂબી જોવા મળે છે કે ૫૫ વર્ષનો પર્યાય પાળવા છતાં આત્મા જૈન ધર્મથી વાસિત બનવા છતાં તથાપ્રકારની કોઈ આચરણ યા વિચાર ક્ષતિના કારણે તુર્ત બ્રાહ્મણ કુળમાં જન્મ તો થયો પણ સુધર્મથી વાસિત થએલ આત્મા નવ-દશ વર્ષના ટૂંકા ગાળામાં જ ફરીથી જૈન કુળ પ્રાપ્ત કરી લે છે અને વિશેષતા તો એ સ્વાભાવિક દયા આદિ ગુણોની છે કે ઉત્તરોત્તર મનુષ્યભવની પ્રાપ્તિ થાય છે.

૩. જયશ્રીના પહેલાના ભવમાં પોતે અમદાવાદમાં ત્રણ ભાઈમાં વચલા ભાઈ તરીકે હોવાનું જણાવે છે અને પોતાને તે ભવમાં સાત બહેનો હતી. આથી વિશેષ ને ભવનો ખ્યાલ આપી શકતી નથી.

અમદાવાદના પુરુષ ભવમાંથી ઉત્તરોત્તર ત્રણે ભવમાં સ્ત્રી ભવ એ પણ તથાપ્રકારની કરણી દ્વારા ઉપાર્જિત કર્મસત્તાની ફળશ્રુતિ જણાવે છે.

આ એક સરળ-સ્વચ્છ-સ્વભાવિક વૃત્તાંત પરથી સંસારની વિચિત્રતાનો - કર્મસત્તાના સામ્રાજયનો - જ્ઞાનીઓનો ટંકશાળી વચનોનો જો શ્રદ્ધાપૂર્વક હૈયામાં ખ્યાલ ધારણ કરવામાં આવે તો માનવ માનવતાને વિસરે નહિ. સ્વ-આત્માને જાગૃત કરવાને ઉત્સુક થાય અને શક્ય તે ધર્મકરણી અને શુભ કાર્યમાં મનને પ્રવૃત્ત કરી, દાન-શીયલ-તપ-ભાવનાદિ ધર્મને યથાશક્તિ સેવી, આત્માના સંપૂર્ણ ઉત્કર્ષને સાધવા લક્ષ્યવાળો બની, જન્મ મરણના ચક્કરમાંથી ધીમે ધીમે પણ છૂટી અજરામર સ્થાનને પ્રાપ્ત કરે.

**(૧૪) પૂર્વજન્મ અને પુનર્જન્મનો પ્રત્યેક્ષ પુરાવો.**

પૂર્વજન્મ અને પુનર્જન્મનો પુરાવો છે ? એમ પૂછનારને જવાબ તા.૨૮-૧૧-૫૧ ના દિવસે પાટણમાં જન્મ પામેલ (૩ા વાગે) નરેશકુમાર બાબુલાલ ડાહ્યાલાલ આપે છે. (હવે પાંચ વર્ષનો થશે.) હમણાં તે નાની વાણિયાવાડ, ચાણસ્મામાં રહે છે. (પાટણ પાસે)

૧. બે - સવાબે વર્ષનો હતો ત્યારે કહે :- 'હું વીરમગામનો છું'

૨. ત્રણ વર્ષનો થયો કહેતો કે, અમારી બંગડીઓની દુકાન હતી. દુકાનમાં

સ્લેટપેન, રમકડાં છત્રીઓ વગેરે રાખતાં, હું મારા પિતાજી સાથે મુંબઈ માલ ખરીદવા જતો. અમો એક વખત પાલિતાણા ગયા હતા. સિદ્ધગિરિના ડુંગર ઉપર ચડ્યા હતા. ત્યાં કેટલાય (ઘણા) ભગવાન હતા. અમારા ઘર જોડે ઉપાશ્રય હતો. એક શ્રી નેમિનાથ તથા એક શ્રી શીતળનાથ ભગવાનનાં બે દેરાસરજી હતાં, તેમાં દરરોજ દર્શન કરવા જતા.

૩. ચાર વર્ષનો થયો, એટલે કહેતો હતો કે, 'હું વીરમગામનો હરગોવન પટેલ છું, મને બધા 'ભા' કહેતા. મારી વહુ 'હીરા' હતી. બે છોકરા, બે છોકરીઓ હતી. અમે ખેતી કરતા. ઘરે ગાડું, બળદ, હળ, ભેંસ તથા સફેદ ઘોડી હતી. તાંસળામાં દૂધ લેતા તથા છાબડીમાં રોટલા રાખતા. ભેંસ પણ દોહતા. દૂધમાંથી ઘી બનાવી વેચતા. કોઈ પ્રશ્ન કરે તો દોહવાની એકટીંગ કરતો તથા ઘી કેમ બનાવતા તે બધું બરોબર કહેતો. આ ઉપરથી જાતિસ્મરણ જ્ઞાન થયું છે, એમ લાગવાથી કેટલાકે વિરમગામ લઈ જઈ ખાત્રી કરવા સલાહ આપી. તે વખતે ચોમાસાના કારણે જઈ ન શક્યા. વળી કહે :- 'અમારી પાડોશમાં મંજુલા નામની ૧૫ વર્ષની છોકરી હતી તે કઠેડા વગરના કૂવે પાણી ભરવા ગઈ, તેમાં પડી મરી ગઈ. હું બીમારીથી ખાટલાવશ હતો, બેઠો ન થઈ શકું તેવો રોગ થયો હતો.'

૨૨-૧-૫૯ ના ભોયણી યાત્રા કરી વીરમગામ બીજે દિવસ ગયા. નરેશે એ દિવસે કજિયો કર્યો હતો અને રસ્તામાં બકરીઓ સાથે રમવામાં પડી ગયો, જેથી બતાવી ન શક્યો. બીજે દિવસે કાન્તિભાઈ નરેશને બધી હકીકત પૂછતા હતા. તે વખતે ઘણા સાંભળવા ભેગા થયા હતા. નરેશ તે વખતે ઉમંગમાં હોવાથી બોલી ઊઠ્યો, 'ચાલો મારું ઘર બતાવું. પછી તે આગળ અને પાછળ અમે ચાલવા માંડ્યું. પછી પરકોટામાં ખોખરા મહોલ્લામાં વાદળી રંગની ખડકીવાળું એક ઘર બતાવ્યું. તપાસ કરતાં કહે :- 'આ ઘર હરગોવન પટેલનું હતું.' તેમના મરણ બાદ તે વેચી નાખેલ. ખરીદનારે તેમાં બહુ ફેરફાર કરાવેલ છે. હરગોવન પટેલનો છોકરો મણીલાલ તથા હીરાડોશી મળ્યા. તેમને ઉપરની હકીકત કહેતાં ૧૨-૧૪ આની હકીકત બરાબર છે. હરગોવન પટેલ સંબંધી વિશેષ હકીકત પૂછતાં તેમને કીધું કે :- તેમને મરણ પામ્યે લગભગ ૨૧ વર્ષ થયા. ૬૫ વર્ષની ઉંમરે લકવાની બીમારીથી ખાટલે પડ્યા હતા. છેલ્લા દિવસોમાં પોતે સાજા નહિ થાય એમ માનીને અનશન જેવું કરેલું. નાના છોકરાઓને આવવા દેતા નહિ. તેઓ બહુ ભોળા ધાર્મિક, દઢ મનવાળા અને બહુ બળીઆ હતા. પછી અમે ઊપરીઆળા યાત્રા કરીને વળતાં વીરમગામ આવ્યા, ત્યાં અમારી રાહ જોતા ઘણા સારા માણસો બેઠા



હતા. નરેશ બધાની વચમાં બેઠો. કાન્તિભાઈએ પૂછતાં કહે કે :- અમે દૂરથી ગાડામાં પીપ મૂકીને પાણી લાવતા હતા. અમારી ધોળી રેવાલદાર ઘોડી મારા સિવાય બીજા કોઈને બેસવા દેતી નહીં. એક નાના છોકરાને પછાડ્યો હતો. મણીલાલ તથા તેનો ભાઈ નાનજી અમદાવાદ રહે છે. એ નરેશે કહેલી વાત સાચી પડી. આમ હરગોવન પટેલના મરણ અને નરેશના જન્મ વચ્ચે લગભગ ૧૬ વર્ષનો ગાળો છે. વચલા ભવનું પૂછતાં ખબર નથી; એમ કહે છે. પરંતુ કમલ નં.૨ નો જવાબ એ ભવનો લાગે છે. પોતાનું તથા ગામનું નામ કહી શકતો નથી. એ વર્ણન ઉપરથી કોઈ ભાઈને ખ્યાલ આવે અગર નરેશને યાદ આવી જાય તો ખૂટતી કડી મલી જાય. નરેશની, મોટો થાય ત્યારે દીક્ષા લેવાની અતિ ઉત્તમ ભાવના છે.

આ ઉપરની હકીકત ઉપરથી પૂર્વજન્મ અને પુનર્જન્મ છે. એ પ્રત્યક્ષ પુરાવાથી સિદ્ધ થાય છે. એ સંબંધી શાસ્ત્રમાં ઘણા દાખલા છે. પરંતુ આજના ભૌતિકવાદીઓ માનતા ન હતા, પુરાવા માંગતા હતા. તેમને આ બનાવથી સ્પષ્ટ સમજાશે કે શરીરની પાછળ ૨૪ કલાકની મહેનત ફોગટની છે. કારણ ભાડાનું ઘર છે. ટાઈમ થયે ખાલી કરવાનું છે. એના કરતાં જે અમર આત્મા છે, તેને લાભ થાય તેવા પ્રયત્ન કરવાની જરૂર છે, નહિ કે વિનાશના સાધન હાઈડ્રોઝન બોમ્બ વગેરેની !

ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

પૂ. કર્ણાટક કોહિનૂર આ.ભ. શ્રીમદ્‌વિજય ચન્દ્રભૂષણ સૂરીશ્વરજી મહારાજા તથા આગમ - શિલ્પ - વિધિવિધાન વિશારદ પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજાનો ફા.સુ.૪ તા.૧૦-૩-૨૦૧૯ રવિવારે વાજતે-ગાજતે ખડકલાટમાં નગર પ્રવેશ થયો. તે જ સમયે સાધર્મિક મંડપ - જિનભક્તિ મંડપનું ઉદ્‌ઘાટન પણ થયું. ત્યારબાદ બંને આચાર્ય ભગવંતનાં માંગલિક પ્રવચન થયાં. નવકારશી બાદ લગભગ ૧૦.૦૦ કલાકે લઘુ નંદ્યાવર્તપૂજન વિધાન થયું. તે પછી નવીન લાવેલી ગુરુવરશ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધર ભગવંતની પ્રતિમાના પાંચ અભિષેકની વિધિ થઈ.

પ્રતિષ્ઠાનાં વિધિ-વિધાન માટે નિપાણીના અરવિંદભાઈ પધાર્યા હતા. સંગીત તથા વિધિ-વિધાન માટે અભયભાઈ - આશિષભાઈ (મૂળ મસૂરવાળા) પૂનાથી

પધાર્યા હતા. તેઓએ પૂજા-પૂજન-ચઢાવા - ભાવનામાં સારો રંગ જમાવ્યો હતો.

મહોત્સવના બીજે દિવસે ફા.સુ.૫. તા.૧૧-૩-૧૯ સોમવારે ૯-૩૦ કલાકે બંને પૂ. આચાર્યભગવંતોનાં પ્રવચનો થયાં. એમાં આજે બપોરે થનારા ભગવાનના ૧૮ અભિષેક, ધ્વજદંડના ૧૩ અને કળશના ૯ અભિષેક વગેરે વિધાનોનાં રહસ્યો ખોલ્યાં હતાં. બપોરે ૧-૦૦ કલાકે અભિષેક વિધાનનો પ્રારંભ થયો હતો. તેમાં પ્રાસાદ અભિષેકના ચઢાવા થયા. એનું રહસ્ય સમજાવવાના કારણે એ ચઢાવો બે લાખ ઉપરમાં અપાયો. નિપાણીના ભાવિક પરિવારે એ લાભ લીધો હતો. (સામે બોલી બોલનારને બોલાવી તેમને પણ અભિષેકનો લાભ આપ્યો હતો.) રાત્રે ભાવના ભણાવાઈ. જૈનેતરો પણ ભાવનામાં આવતા હતા.

ત્રીજા દિવસે ફા.સુ.૬ તા.૧૨-૩-૧૯ મંગળવારે સવારે પ્રભાતિયાં વગેરે થયા બાદ ૯-૩૦ કલાકે બંને પૂજ્ય આચાર્ય ભગવંતોનાં પ્રવચનો થયાં. એમાં મહોત્સવના મુખ્ય લાભાર્થી - કાર્યકર્તાઓનાં બહુમાન કરી મોમેન્ટો અર્પણ કરાયા. બપોરે ૧-૦૦ કલાકે નવગ્રહાદિ ત્રણ પાટલા પૂજન થયાં. રાત્રે ભાવના ભણાવાઈ.

ચોથા દિવસે - ફા.સુ.૭ તા.૧૩-૩-૧૯ બુધવારે સવારે પરોણા - દાખલ ભગવાનનો શુભ મુહૂર્તે; વરઘોડા અને પોંખણાદિ વિધિ પૂર્વક ગર્ભગૃહ પ્રવેશ થયો. સાથે શ્રી ગૌતમસ્વામી, યક્ષ-યક્ષિણી, ક્ષેત્રપાલાદિનો પણ જિનાલયમાં પ્રવેશ થયો. પૂ.આ.ભ. શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ.ની દોરવણી હેઠળ દૃષ્ટિ મેળવવાનું કાર્ય થયું. લગભગ સવારે ૧૦-૦૦ કલાકે પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ થયો. તાત્ત્વિક પ્રતિષ્ઠાની ષોડશક ગ્રંથની ભાવના પૂર્વક પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. તે પછીનાં કંકુના થાપા, ઘીમાં મોં જોયણું, અષ્ટપ્રકારી પૂજા, માણેકદીવો, માણેક લાડુ વગેરેનાં વિધાનો થયાં. તે પછી બંને પૂજ્યોનાં પ્રવચનો થયાં. સાધારણ-નિભાવફંડનો ઉપદેશ આપતાં રૂા.૨૫૦૦ ની એકતિથિ એવી લગભગ ૧૨૦૦ તિથિઓ ભાવિકોએ લખાવી. દ્વારોદ્‌ઘાટનનો ચઢાવો થયો. બપોરે લઘુ શાંતિસ્નાત્ર ભણાવાયું. રાત્રે ભાવના થઈ.

ફા.સુ.૮ તા.૧૪-૩-૧૯ ગુરુવારે (પાંચમે દિવસે) સવારે ૬-૨૦ કલાકે દ્વારોદ્‌ઘાટન વિધાન થયું. ત્યારબાદ થયેલ પ્રવચનમાં સાધારણ નિભાવ માટે રૂા.૫૦૦૦ માં પાક્ષિક લાભ માટેનાં ૨૪ નામો નોંધાઈ ગયાં.૧૦-૦૦ કલાકે સત્તરભેદી પૂજા ભણાવાઈ.

ફા.સુ.૯ તા.૧૫-૩-૧૯ શુક્રવારે બંને પૂજ્ય આચાર્ય-ભગવંતો તથા શ્રમણી ભગવંતો નિપાણી પધાર્યા. લગભગ એક સપ્તાહની સ્થિરતા દરમ્યાન



રોજ પ્રવચનો ચાલુ હતાં. ત્યાં પૂ.આ.શ્રી નરરત્ન સૂ.મ. પણ રોકાયેલા હતા. ફા.સુ.૧૩ ના દિવસે છ ગાઉની ભાવયાત્રાનો કાર્યક્રમ રખાયો. પૂ.આ.ભ. શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાએ ભાવયાત્રા કરાવી હતી. સંગીતકાર તરીકે સ્થાનિક મંડળે જવાબદારી અદા કરી હતી. આજે પૂ.આ.ભ.શ્રી દેવેન્દ્ર સાગર સૂ.મ. નિપાણીમાં પધાર્યા હોવાથી તેઓએ પણ થોડી વાર પ્રવચન કરેલ.

ફા.સુ.૧૪ ના નિપાણીમાં વિરાજેલ ત્રણે પૂ.આ.ભ. શ્રીનાં પ્રવચનો થયાં. ફા.સુ.૧૫ + વ.૧ ના દિવસે ત્રણ ઉપરાંત વિહારમાં પધારેલ પૂ.આ.શ્રી રત્નસંચય સૂ.મ.નું પણ પ્રવચન થયેલ.

ફા.વ.૨ ના બંને પૂ.આ.ભ.નો વિહાર થયો. ફાર્મ હાઉસમાં રોકાયા ત્યાં વિહારધામ બનાવવાની તે પુણ્યશાળી આર.ટી. પરિવારની ભાવના હોવાથી ઘણા ભાગ્યશાળીઓ આવેલ. પૂજ્યોએ વાસક્ષેપ કરી માંગલિક સંભળાવેલ. બંને પૂજ્યો બેંગ્લોર પધારી રહ્યા છે.

ત્યાંથી કણગલા પધાર્યા. ત્યાંના જિનાલયનું નિરીક્ષણ કર્યું. નિપાણીથી અભયભાઈ મહેતા તથા વિજયભાઈ આવેલા. તેમની વિનંતિથી જિનાલયની ત્રુટીઓ અંગે સૂચનો આપ્યાં. અહીં લગભગ ૩૫ વર્ષ પૂર્વે પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના ઉપદેશથી ઉપાશ્રયનું નિર્માણ થયેલ છે. અહીંથી વ.૪ ના સોલાપુર (૧૦૦ વર્ષથી પ્રાચીન જિનાલય) નાં દર્શન કરી પૂજ્યો (વ.૬) સંકેશ્વર ગામે પધાર્યા. ત્યાંથી ખાનાપુર (વ.૫) થઈ સુતકટ્ટી ગવર્નમેન્ટ - ગેસ્ટ હાઉસમાં (વ.૬) રોકાણ કરી વ.૭ હોનગા સ્કૂલમાં રોકાઈ વ.૮ બેલગામ - સદાશિવનગર પધાર્યા. ત્યાં બે દિવસની સ્થિરતા દરમિયાન બંને પૂ.આચાર્ય ભગવંતોનાં પ્રવચનો થયાં.પૂ.આ.ભ. શ્રીભવ્યદર્શન સૂ.મ. વ.૯ સાંજે વિહાર કરી રસ્તામાં (સાંઈ ભવન) સંથારો કરી વદ ૧૦ કમકરટી (કોલી કોપ્પ) ગૌશાળામાં પધાર્યા. વ.૧૧ મુતનાલ ગામે દિગંબર જૈન બોર્ડિંગમાં સ્થિરતા કરી.

પૂજ્યપાદ ગુરુદેવના પ્રશિષ્ય અને વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાની અનુમતિથી પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાનું ચાતુર્માસ બેંગ્લોર - બસવેશ્વરનગર - વિમલનાથ જિનાલય - હાલારી જૈન સંઘમાં નક્કી થયેલ છે. અનુકૂળ સ્થળે અને શુભદિવસે 'જય' બોલાવાશે.

પૂજ્યશ્રી કિત્તુર - મહેતા ફાર્મ - ધારવાડ થઈ ચૈ.સુ.૧ ના રોજ હુબલી પહોંચ્યા. બેંગ્લોર તરફની વિહારયાત્રા સુખપૂર્વક આગળ વધી રહી છે. ધ

# મોહનો દુષ્પ્રભાવ

**जह कच्छूलो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।**

**मोहाउरा मणुस्सा, कामस्स दुहं सुहं बिंति ।।**

જેમ કુવેચ લાગેલો માનવ કુવેચના યોગે આવતી
દુઃખદાયી ખણજને સુખ માની બેસે છે,
તે જ રીતે મોહથી વ્યાકુળ બનેલા માનવો
વિષયોનાં દુઃખને સુખ માની બેસે છે.
દુઃખને સુખ માનવાની મોટી ભૂલ કરે છે.